॥ શ્રી હરિ ॥
વસુદેવસુતં દેવં કંસચાણૂરમર્દનમ્.
દેવકીપરમાનન્દં કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્.

# ॥ શ્રીમદ્ભગવદ્ગીતા વિવેચન સારાંશ ॥

**પ્રકરણ 16: દૈવાસુર-સમ્પદ વિભાગ યોગ**

2/2 (શ્લોક 10-24), રવિવાર, 05 માર્ચ 2023

**વિવેચન: ગીતા વિશારદ શ્રી શ્રીનિવાસ વર્નેકર જી**

યુ ટ્યુબ લિંક: https://youtu.be/GjDqR_qHc9o

## આસુરી સંપત્તિ ની ઓળખ અને તેનો ત્યાગ

દીપ પ્રજવલન કર્યા બાદ પ્રાર્થના સહિત ગુરુજનોને વંદન કરીને આ અધ્યાયના વિવેચન સત્રનો આરંભ થયો. ભગવાને 15માં અધ્યાયમાં ગુહ્યતમ શાસ્ત્રનું જ્ઞાન અર્જુનને બતાવ્યું. નવમા અધ્યાયમાં ભગવાને દૈવી અને આસુરી ગુણોનો ઉલ્લેખ કર્યો. પરંતુ આ ગુણોનું વિસ્તારથી વિવેચન થવું જોઈએ, વિચારીને ભગવાનને આ અધ્યાયમાં દૈવી અને આસુરી સંપત્તિનુ વિસ્તારથી વર્ણન કર્યું છે.
આ સંસારમાં માત્ર બે પ્રકારનાં લોકો હોય છે. દૈવી અને આસુરી, દૈવી સંપત્તિ ધારણ કરવાવાળા લોકોનું વર્ણન ભગવાને અનેક સ્થાન પર ભગવદ્ગીતામાં કરેલું છે. પરંતુ આસુરી સંપત્તિ ધારણ કરવાવાળા લોકોનું વર્ણન ભગવાને અહીં વિશેષ રૂપથી કરેલ છે.

**મનુષ્યે શું ગ્રહણ કરવું? કયા સદ્ગુણોની સાધના કરવી? એ બધું તો મનુષ્યની સમજમાં આવી ગયું, પરંતુ સાથે સાથે મનુષ્યે કયા ત્યાગ કરવાના છે, તેની પણ જાણકારી હોવી જોઈએ. માટે ભગવાને અહીં વિસ્તારથી આસુરી ગુણોનું વર્ણન કરે છે.**

કાલે હોલિકાદહનનો પર્વ છે. બધા જ દુર્ગુણોને હોળીમાં હોમી દેવામાં આવે છે. હોળીમાં મનુષ્યે કયા દુર્ગુણોને હોમી તેનાથી મુક્ત થવું છે, તે જાણવા માટે મનુષ્યે પોતાના દુર્ગુણોની યાદી જોઇ લેવી જોઈએ, અને ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે તેના બધા જ દુર્ગુણો હોળીમાં ભસ્મ થઇ જાય.

મનુષ્યે આ અધ્યાયના પહેલા વિવેચનમાં જાણ્યું કે **આસુરી પ્રવૃત્તિના લોકો એ સમજી નથી શકતા કે કયા કાર્ય કરવા પ્રવૃત્ત રહેવું જોઈએ, અને કયા કાર્યોથી નિવૃત્ત થવું જોઈએ. આસુરી પ્રવૃત્તિના લોકોમા શુદ્ધતા કે પવિત્રતા નથી.**

આ જગત પ્રભુના આશ્રયથી નહીં પરંતુ એની જાતે જ ચાલી રહ્યું છે, એવી ધારણા બાંધી રાખે છે. આખા વિશ્વને ધારણ કરવાવાળા પરમાત્મા ની શક્તિને તેઓ માનતા નથી. આ જીવન કેવળ કામનાપૂર્તિ માટે જ છે એવું વિચારીને તેઓ જીવે છે. એવા લોકો માટે આપણે જાણ્યું છે કે તેમનામાં દંભ પણ ખૂબ જ હોય છે. મનોરંજન જ તેમના જીવનનો ઉદ્દેશ્ય છે, એટલે કામ જ તેમનો આશ્રય છે. કામના એ એક એવી વાત છે જે કદી સમાપ્ત થતી નથી, એક પૂર્ણ થાય તો બીજી નિર્માણ થાય છે. આવા લોકો માટે ભગવાન આગળના શ્લોકમાં બતાવે છે.

**16.10**

**કામમાશ્રિત્ય દુષ્પૂરં(ન્), દમ્ભમાનમદાન્વિતાઃ।**
**મોહાદ્ ગૃહીત્વાસદ્ગ્રાહાન્, પ્રવર્તન્તેऽશુચિવ્રતાઃ॥૧૬.૧૦॥**

દંભ, માન અને મદથી ભરેલા એ માણસો કોઈ પણ રીતે પૂરી ન થનારી કામનાઓનો આશરો લઈને, અજ્ઞાનને લીધે મિથ્યા સિદ્ધાંતોને પકડીને તેમજ ભ્રષ્ટ આચરણો ધારણ કરીને સંસારમાં વિચરે છે.

કયારેય પૂર્ણ ન થવાવાળી કામનાઓનો આશરે લઈને  દંભ, અભિમાન અને મદમાં જ ચકચૂર રહેવાવાળા તથા અપવિત્ર વ્રત ધારણ કરવાવાળા મનુષ્ય મોહને કારણે બધા દુરાગ્રહોને ધારણ કરી સંસારમાં ફરતા (વિચરતા)  રહે છે.

**16.11**

**ચિન્તામપરિમેયાં(ઞ્) ચ, પ્રલયાન્તામુપાશ્રિતાઃ।**
**કામોપભોગપરમા, એતાવદિતિ નિશ્ચિતાઃ॥૧૬.૧૧॥**

તથા તેઓ મૃત્યુપર્યન્ત રહેનારી અસંખ્ય ચિંતાઓનો આશરો લેનારા, વિષયોને ભોગવવામાં તત્પર રહેનારા અને 'આટલું જ સુખ છે' એમ માનનારા હોય છે.

**આસુરી પ્રકૃતિના લોકો તેમના જીવનને અધોગતિ તરફ લઈ જાય છે કારણ કે તેમના મનમાં ઘણી બધી ઈચ્છાઓ હોય છે અને તેઓ કામ લક્ષી લોકો હોય છે. તેમની ઈચ્છાઓ કયારેય પૂરી થતી નથી. તેઓ તેમની પાસે જે છે તેનો દેખાવ કરે છે, ઘમંડ અને અભિમાન કરે છે.**
જીવન માત્ર વિષયોને ભોગવવા માટે જ છે તેવી તેમની દ્રઢ માન્યતા છે. એટલે તે કેવળ પદાર્થોના સંગ્રહ અને તેના ઉપભોગ કરવામાં જ વ્યસ્ત હોય છે. તેઓ વિષયોની ચિંતા અને તેના આશ્રયમાં જ રહેતા હોય છે. તેમની ચિંતાઓ અનંત હોય છે અને તે મૃત્યુ પર્યંત સમાપ્ત થતી નથી.

**16.12**

**આશાપાશશતૈર્બદ્ધાઃ(ખ્), કામક્રોધપરાયણાઃ।**
**ઈહન્તે કામભોગાર્થમ્, અન્યાયેનાર્થસઞ્ચયાન્॥૧૬.૧૨॥**

આશાના સેંકડો ફંદાઓથી બંધાયેલા એ માણસો કામ-ક્રોધને પરાયણ થઈને વિષયભોગોને અર્થે અન્યાયથી ધન આદિ પદાર્થોને ભેગા કરવાના પ્રયત્નો કર્યા કરે છે.

વિષયોના આનંદના વ્યસની લોકો આશાઓના સેંકડો બંધનોમાં બંધાયેલા રહે છે. તેઓ પોતાની ઈચ્છાઓની પૂર્તિ વિશે વિચારવામાં વ્યસ્ત રહે છે. જ્યારે એક ઈચ્છા પૂરી થાય છે ત્યારે તેઓ બીજી ઈચ્છાની રાહ જુએ છે અને જ્યારે ઈચ્છા પૂરી ન થાય ત્યારે તેઓ ગુસ્સે થઈ જાય છે.
**સજ્જન લોકો ગીતાને સમર્પિત હોય છે, હરિભક્તિમાં સમર્પિત હોય છે, પરંતુ આ લોકો કામ-ભોગ પરાયણ હોય છે. ઈચ્છાઓ પૂરી કરવા માટે પૈસાની જરૂર પડે છે. તેઓ પૈસા મેળવવા માટે ખોટો રસ્તો પસંદ કરે છે. ખોટા માર્ગે ધન અર્જિત કરે છે. જીવન કેવળ ભોગ માટે જ છે સમજી કામનપૂર્તી માટે ભ્રષ્ટ આચરણથી ધન કમાય છે. ખોટી રીતે ધન કમાઈએ તો શું ફરક પડી જવાનો છે, એવા વિચારો તેમના હોય છે.**

આશાઓના પાશમાં બંધાયેલા એ લોકો કર્મ તો કરે જ છે, આશા માટે સંસ્કૃત માં એક સુંદર સુભાષિત છે.

**आशा नाम मनुष्याणां काश्चिदाश्चर्यशृङ्खला |**
**यया बद्धा: प्रधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत ||**

આશા એ એક આશ્ચર્યકારક શૃંખલા છે. કોઈ એક ચીજ મળી જાય તો બીજાની આશા વધતી જાય છે. જેમ ઘરમાં મર્સિડીઝ કાર આવી જાય, તો મોટા બંગલા ની આશા વધે છે. આશાની શૃંખલામાં જે બંધાઈ જાય છે એવી વ્યક્તિ ખૂબ જ ઉત્સાહથી કામ કરે છે, અને જે આશાથી મુક્ત થઈ જાય છે. અને આશા છોડી દે છે એવી વ્યક્તિ કાંઈ જ કરી શકતી નથી. જાણે કે પાંગળો થઇને બેસી રહે. તેમને કોઈ આશા ના હોય.
આશા કેવી હોવી જોઇએ તેના માટે પણ વિવેક હોવો જરૂરી છે, ધ્યેયપૂર્તિ માટે આકાંક્ષા હોવી જરૂરી છે. **ધ્યેયપૂર્તિ માટે સુખનો ત્યાગ કરવો પડે તો પણ કાર્યરત રહેવું જોઈએ. ધ્યેયપૂર્તિની આશામાં બંધાઈયે તે તો ઠીક છે, પરંતુ કામપૂર્તિ માટે આશાના બંધન ન હોવા જોઇએ.**
કાર્ય કરતા પહેલાં મનુષ્યનું ધ્યાન પોતાની અંદર હોવું જોઈએ. એ જોવા માટે કે ધ્યેયપૂર્તિ કરવા માટે ઈચ્છા થઈ રહી છે કે પછી કામનાપૂર્તી માટે કાર્ય કરવાની ઈચ્છા થઇ રહી છે. માટે મનુષ્યના વિચાર કેવા હોવા જોઈએ તે ભગવાન આગળ જણાવે છે.

**16.13**

### ઇદમદ્ય મયા લબ્ધમ્, ઇમં(મ્) પ્રાપ્સ્યે મનોરથમ્।
### ઇદમસ્તીદમપિ મે, ભવિષ્યતિ પુનર્ધનમ્॥૧૬.૧૩॥

તેઓ વિચાર્યા કરે છે કે મેં આજે આ મેળવી લીધું અને હવે આ મનોરથને પાર પાડીશ, મારી પાસે આટલું ધન છે અને હજી પણ આ થઈ જશે.

આટલું મે આજે પ્રાપ્ત કરી લીધું છે, હજુ મારે આટલું વધારે જોઈએ છે. આટલું ધન મારી પાસે છે, અને ભવિષ્યમાં હજી વધુ પ્રાપ્ત કરીશ આવા મનોરથ - અપેક્ષાઓ લોકોના મનમાં હોય છે, આ પ્રાપ્ત કર્યું છે અને હજી વધુ પ્રાપ્ત કરવાનું છે, બસ આવું જ ચિંતન મનમાં ચાલતું રહે છે.
**મનુષ્યની આકાંક્ષાઓ માત્ર ધન વિષયમાં જ નહીં, પરંતુ પદની લાલસા માટે, કીર્તિ માટે, પ્રતિષ્ઠા માટે પણ એવી જ આકાંક્ષાઓ - મનોરથો હોય છે.**

**16.14**

### અસૌ મયા હતઃ(શ્) શત્રુઃ(ર્), હનિષ્યે ચાપરાનપિ।
### ઈશ્વરોઽહમહં(મ્) ભોગી, સિદ્ધોઽહં(મ્) બલવાન્સુખી॥૧૬.૧૪॥

પેલો શત્રુ તો મારા વડે હણાયો અને પેલા બીજા શત્રુઓને પણ હું હણી નાખીશ, હું ઈશ્વર છું, ઐશ્વર્યને ભોગવનારો છું, હું સઘળી સિદ્ધિઓથી યુક્ત છું તથા બળવાન અને સુખી છું.

પોતાની પ્રગતિના માર્ગમાં આવવાવાળા દરેક મનુષ્ય ને તે પોતાના શત્રુ સમજે છે, અને તેમને સમાપ્ત કરી નાખવાનું વિચારે છે. ભોગને ભોગવવા જ તેમની પ્રગતિની પરિભાષા હોય છે. આ શત્રુને તો મેં સમાપ્ત કર્યો, હવે મારા માર્ગમાં આવવાવાળા બીજા શત્રુને પણ હું સમાપ્ત કરી દઈશ. તેના માટે હું સમર્થ છું, બળવાન છું. મારામાં બધી જ સિદ્ધિઓ છે. હું જ ઈશ્વર છું, હું બધું જ કરી શકું છું, હું જ બધા લોકોને ભોગવીશ અને હું જ સૌથી સુખી છું, આવું તે વિચારે છે.
આ વિચાર નું સૌથી ઉત્તમ ઉદાહરણ રાવણ છે.
મહાન બનવું તે ખૂબ જ સારી વાત છે, પરંતુ મહાન બનાવવું તે ખૂબ જ સારી વાત છે, બહુ જ મોટી વાત છે.
**મનુષ્યે મહાન બનવું જોઈએ, પરંતુ મહાન બનીને મહાનતાને ભૂલી જવી જોઈએ નહિ, પરંતુ આસુરી લોકો સ્વયં ને જ શ્રેષ્ઠ માને છે.**

**16.15**

**આઢ્યોઽભિજનવાનસ્મિ, કોઽન્યોઽસ્તિ સદૃશો મયા।**
**યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય, ઇત્યજ્ઞાનવિમોહિતાઃ॥૧૬.૧૫॥**

હું ઘણો ધનવાન છું અને મારું આટલું મોટું કુટુંબ છે, મારા જેવો બીજો કોણ છે ? હું યજ્ઞ કરીશ, દાન દઈશ અને મોજ-મજા કરીશ – આમ અજ્ઞાનને કારણે મોહિત રહેનારા, અનેક રીતે ભ્રમિતચિત્ત તથા મોહરૂપી જાળથી વીંટળાયેલા, તેમજ વિષયભોગોમાં રચ્યાપચ્યા રહેનારા આસુરી જનો મહાન અપવિત્ર નરકમાં પડે છે.

હું ધનવાન છું, મારો પરિવાર ખૂબ મોટો છે, મને ચાહવા વાળા અને મને માનવા વાળા ઘણા બધા લોકો છે, મારા સમાન કોઈ નથી. હું બહુ મોટા મોટા યજ્ઞ કરીશ, ખૂબ દાન પણ કરીશ અને મોજ મજા પણ કરીશ, આવી અજ્ઞાનતામાં ડૂબેલા રહે છે. મહાન થઈને મહાનતાને જ ભૂલાવી દે છે.
**ઈશ્વરની કૃપા માનીને જે લોકો ઈશ્વરને અર્પણ કરે છે તે લોકો ક્યારેય ઈશ્વરથી દૂર નથી હોતા અને તે બધાના હૃદયમાં વસે છે. પરંતુ આસુરી વૃત્તિના લોકો ઈશ્વરને માનતા જ નથી.**
જ્યારે આસુરી સંપત્તિ વધતી જાય છે, ત્યારે તે ભૂલી જાય છે કે પૃથ્વીને કોણે ધારણ કરેલી છે અને સૂર્યમંડળ કોના નિયંત્રણમાં છે. આખી સૃષ્ટિનું નિર્માણ અને સંચાલન કોણ કરી રહ્યું છે, તે ભૂલી જાય છે. બધું હું જ ૩ચલાવી શકું છું તેવી અજ્ઞાનતામાં ડૂબેલા રહે છે

**16.16**

**અનેકચિત્તવિભ્રાન્તા, મોહજાલસમાવૃતાઃ।**
**પ્રસક્તાઃ(ખ્) કામભોગેષુ, પતન્તિ નરકેઽશુચૌ॥૧૬.૧૬॥**

અનેક પ્રકારથી તેમનું ચિત્ત ભ્રમિત રહેલ રહે છે, મોહની જાળમાં તે ફસાયેલો રહે છે. તે વિચારે છે કે હું મુક્ત છું, પરંતુ મોહની જાળમાં  તે ક્યારે ફસાઈ ગયો? અહંકારમાં ક્યારે ડૂબી ગયો?  તે તેને ખબર જ નથી હોતી.
**સંસારમાં ત્રણ પ્રકારના લોકો હોય છે**
**(૧) અસક્ત (૨) આસક્ત અને (૩) પ્રસક્ત**

**અસક્ત** એટલે જેમને કામનાઓની આસક્તિ નથી, જે વ્યક્તિગત સ્વાર્થથી દૂર રહીને ધ્યેયપૂર્તિ માટે કર્તવ્ય કરે છે.
**આસક્ત** એટલે જે કામનાઓમાં  લિપ્ત રહે છે. અને
**પ્રસ્કત** એટલે આત્યંતિક આસક્તિ.
**प्रकर्षेन असक्त: प्रसक्ताः**  આ કોઈ બીજી વ્યક્તિનું વર્ણન નથી, પરંતુ મનુષ્યની ભીતરની આસુરી વૃત્તિનું વર્ણન છે. આસુરી એ વૃતિ છે, તે આસુરી દુર્ગુણોને ઓળખવા જોઈએ. કોઈ નવી વસ્તુ જોઈને મનુષ્યને એવું લાગે કે આ વસ્તુ પણ મારી પાસે હોવી જોઈએ, તો તે આસક્તિ છે.
આસક્તિ ધીરેધીરે પ્રસક્તિમાં બદલાઈ જાય છે અને પછી મનુષ્ય તેની મોહજાળમાં ફસાઈ જાય છે. જે અત્યાર સુધી પ્રાપ્ત નથી થયું તેના માટે મનુષ્ય તરફડે છે. એવા મનુષ્ય અપવિત્ર અને ભયંકર નરકમાં જઇને પડે છે. જે પણ આપણે પ્રાપ્ત કર્યું છે તે પ્રાપ્ત ન કરવુ એવું નથી, પરંતુ પ્રાપ્ત કરી એને ભૂલી જવું જોઈએ. મહાન હોવું જોઈએ, પરંતુ એટલા પણ નહીં કે આપણી મહાનતાને જ બોજ બનાવી દઈએ.

આ ઉપર જ્ઞાનેશ્વર મહારાજે સુંદર ઓવી કહી છે.
**व्युत्पत्ती अवघी विसरिजे | थोर पण पर्हा सांडीजे |**
**जे जगा धाकुटे होई जे तै जवळीक माझे ||**
ભગવાન કહે છે કે જે મનુષ્ય મહાન તો છે, પરંતુ મહાનતા ભૂલીને નાનો બનીને રહે છે તે મને અત્યંત પ્રિય છે.

**16.17**

## આત્મસમ્ભાવિતાઃ(સ્) સ્તબ્ધા, ધનમાનમદાન્વિતાઃ।
## યજન્તે નામયજ્ઞૈસ્તે, દમ્ભેનાવિધિપૂર્વકમ્॥૧૬.૧૭॥

એવા પોતે પોતાને જ શ્રેષ્ઠ માનનારા ઘમંડી માણસો ધન અને માનના મદથી ચૂર થઈને કેવળ નામમાત્રના યજ્ઞો વડે ઢોંગ કરવા ખાતર શાસ્ત્રવિધિ કર્યા વિના યજન કરે છે.

જે સ્વયંને જ મહાન સમજે છે અને સ્વયંની જ સ્તુતિ કરે છે, વાસ્તવમાં તે આત્મહત્યા કરવા જેવું છે.
**અર્જુને એક પ્રતિજ્ઞા કરી હતી કે જે મારા ગાંડીવ ધનુષ્યની અવહેલના કરશે, અપમાન કરશે, તેને હું સમાપ્ત કરી દઈશ કાંતો હું આત્મહત્યા કરીશ.**
મહાભારતનો એક પ્રસંગ છે, જેમાં યુધિષ્ઠિર બેચેનીથી છટપટાઇને અર્જુન પાસે આવે છે અને તેના ગાંડીવ ધનુષ્યને ધિકારે છે. ત્યારે અર્જુનને તેમની સામે પોતાની પ્રતિજ્ઞાને લીધે મોટું સંકટ ઊભું થયું છે. કાં તો અર્જુન યુધિષ્ઠિર નો વધ કરશે કાં તો તે સ્વયં આત્મહત્યા કરી લેશે. યુધિષ્ઠિરનો વધ કરવો ઉચિત નથી એટલે હું પોતે જ આત્મહત્યા કરી લઈશ એવો વિચાર અર્જુનના મનમાં આવે છે.

**ભગવાનને જ્યારે અર્જુનના આવા વિચારોને જાણ થઈ, ત્યારે ભગવાને અર્જુનને પોતાની પ્રશંસા કરવાની સલાહ આપી. કારણ કે પોતાની પ્રશંસા કરવી એ આત્મહત્યા સમાન છે. અહીં એ બતાવવામાં આવ્યું છે કે હંમેશા ભગવાનની સાથે રહેવું અને શ્રીમદ્ભગવદ્ગીતાનું હંમેશા સ્મરણ કરવું કેટલું મહત્ત્વપૂર્ણ છે.**

આસુરી સંપત્તિવાળા લોકો ખૂબજ અભિમાની હોય છે. થોડુંક ધન પ્રાપ્ત થઈ જાય અને માન મળી જાય તો તેમને અહંકાર આવી જાય છે. તેમના દ્વારા કરવામાં આવેલા યજ્ઞ કેવળ દેખાવ માટે જ હોય છે. તેઓ શાસ્ત્રોમાં બતાવ્યા અનુસાર યજ્ઞ કરવાના બદલે દંભ અને દેખાડો કરે છે. શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞ કરવાના બદલે દેખાડો કરવા અને નામ માટે જ યજ્ઞ કરે છે.

આજકાલ લગ્નપ્રસંગમાં પણ યજ્ઞવિધિ વગેરે પદ્ધતિનું મહત્ત્વ રહ્યું નથી. વિધિ તો નામ માત્ર હોય છે, બધું જ ધ્યાન ફોટોગ્રાફ સારા આવવા જોઈએ તેમાં જ હોય છે. મોટા મોટા કોન્ફરન્સ યોજાય છે, તેમાં પણ માત્ર દેખાડો જ હોય છે. તેમાં જ્ઞાનયજ્ઞ હોય છે કે નહીં તે ખબર નથી, પરંતુ પ્રસિદ્ધિ જરૂર હોય છે.

**16.18**

## અહઙ્કારં(મ્) બલં(ન્) દર્પં(ઙ્), કામં(ઙ્) ક્રોધં(ઞ્) ચ સંશ્રિતાઃ।
## મામાત્મપરદેહેષુ, પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ॥૧૬.૧૮॥

અહંકાર, બળ, ઘમંડ, કામના અને ક્રોધ આદિને પરાયણ રહેનારા, એ સિવાય બીજા અનાચારોમાં રચ્યાપચ્યા તથા બીજાની નિંદા કરનારા એ માણસો પોતાના તેમજ બીજાના શરીરમાં રહેલા મુજ અન્તર્યામીનો જ દ્વેષ કરે છે.

બીજાનો અહંકાર આપણને દેખાય છે, પરંતુ પોતાનો અહંકાર ક્યારેય દેખાતો નથી. મનુષ્ય કહે છે કે મને સહેજ પણ અહંકાર નથી, પરંતુ "મને અહંકાર નથી" આ શબ્દો પણ અહંકારી જ છે.

**અહંકાર અત્યંત સૂક્ષ્મ છે, તે જલ્દી છૂટતો નથી. માટે જ આસુરી સંપત્તિમાં તેના તરફ ખૂબ ધ્યાન આપવું જોઈએ. અહંકાર અને અભિમાનવાળા લોકો બળપૂર્વક કહે છે કે હું જેવું કહું છું તેવું જ થવું જોઈએ. કામ અને ક્રોધ તેઓ કયારેય છોડતા નથી. કામ અને ક્રોધના કારણે આસુરી સંપત્તિ વધતી જાય છે.**
ઈચ્છા મનુષ્યને શાંત બેસવા દેતી નથી. ઈચ્છા પૂરી ન થાય તો ક્રોધ આવે છે. એક ઈચ્છા પૂર્ણ થાય તો નવી ઈચ્છા જન્મ લે છે, કામ અને ક્રોધ બંને સાથે ને સાથે ચાલે છે,
**જ્યારે અર્જુને ભગવાનને પૂછ્યું - મનુષ્યો પાપ કેમ કરે છે?**
**ત્યારે ભગવાને કહ્યું - કામ અને ક્રોધ રજોગુણથી ઉત્પન્ન થાય છે**. માટે કામ અને ક્રોધને આપણા શત્રુ સમજવા જોઈએ.
**આપણને ચાર પુરુષાર્થ કહેવામાં આવ્યા છે- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. કામને શત્રુ પણ માનવો અને કામને પુરુષાર્થ પણ માનવો, આ એક વિરોધાભાસ છે**.

ભગવાને સ્વયં દસમા અધ્યાયમાં આ વાત સમજાવી છે.ભગવાન કહે છે ધર્મ વિરુદ્ધ ન જવાવાળા કામ, ધર્મ પ્રમાણે કામ એ મારું જ સ્વરૂપ છે, અને ધર્મની વિરુદ્ધનું કામ એ આસુરી ગુણધર્મ છે.
ચારેય પુરુષાર્થોમાં સૌથી પહેલો પુરુષાર્થ ધર્મ છે. મનુષ્યે કર્તવ્યનું પાલન કરવું આ પહેલો પુરુષાર્થ છે. ધર્મથી પ્રાપ્ત થનાર અર્થ અને અર્થથી નીતિ નિયમપૂર્વક થવાવાળી ઈચ્છાપૂર્તતા એ પુરુષાર્થ છે. એટલા માટે
**મનુષ્યનું ધ્યાન ધર્મ, કર્તવ્ય અને નીતિ-નિયમો તરફ હોવું જોઇએ, અંતિમ ધ્યેય મોક્ષની પ્રાપ્તિ હોવું જોઇએ. મોક્ષની પ્રાપ્તિને ધ્યાનમાં રાખીને મનુષ્યનો ધર્મ, અર્થ, કામ માટેનો પુરુષાર્થ આપોઆપ જ સિદ્ધિ થઈ જાય છે.**
પરંતુ જ્યારે અર્થ અને કામને પ્રાધાન્ય આપીએ તો ધર્મ વિરુદ્ધ કામનાની પૂર્તિ થાય છે, ત્યારે તે આસુરી સંપત્તિ થઈ જાય છે. કામ અને ક્રોધ નો આશ્રય લેવાવાળા મનુષ્ય પોતાના શરીરમાં અને બીજાના શરીરમાં રહેવાવાળા ઈશ્વરનો દ્વેષ કરે છે.

**16.19**

## તાનહં(ન્) દ્વિષતઃ(ખ્) ક્રૂરાન્, સંસારેષુ નરાધમાન્।
## ક્ષિપામ્યજસ્રમશુભાન્, આસુરીષ્વેવ યોનિષુ॥૧૬.૧૯॥

એ દ્વેષ કરનારા, પાપાચારીઓ અને ક્રૂરકર્મી નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ નાખું છું.

અર્જુન પૂછે છે - દ્વેષ કરવાવાળા મનુષ્યનું શું થાય છે? ભગવાન અહીં સમજાવે છે કે આસુરી વૃત્તિને પકડીને રાખવાવાળા, ક્રૂર સ્વભાવવાળા મહા નીચ મનુષ્ય, વારંવાર આસુરી યોનિમાં જન્મ લે છે, અને નીચલી યોનિ મા નીચે પડતા જાય છે.

છઠઠા અધ્યાયમાં ભગવાને મનુષ્યને સાવધ કર્યા છે કે મનુષ્યે સ્વયંનો ઉદ્ધાર કરવાનો છે. મનુષ્યે અધોગતિની તરફ જવાનું નથી, પરંતુ આ વાતોનો અનાદર કરીને અને તેનો દ્વેષ કરતા પાપાચરણ કરવાવાળાને ભગવાન આસુરી યોનિમાં નાખી દે છે. વાસ્તવમાં, આવા મનુષ્યો પોતે જ પોતાના કાર્યોથી શૈતાની દુનિયામાં પડી જાય છે. ઉદાહરણ તરીકે,

જેમ ન્યાયાધીશ અપરાધીઓને મૃત્યુદંડ આપે છે, ત્યારે અપરાધી સ્વયં પોતાના અપરાધોને કારણે મૃત્યુદંડને પામે છે, ન્યાયાધીશ તો ફક્ત પોતાનું કર્તવ્ય પૂર્ણ કરે છે.

**16.20**

## આસુરીં(યૅં) યોનિમાપન્ના, મૂઢા જન્મનિ જન્મનિ।
## મામપ્રાપ્યૈવ કૌન્તેય, તતો યાન્ત્યધમાં(ઙ્) ગતિમ્॥૧૬.૨૦॥

હે કૌન્તેય! એ મૂર્ખાઓ મને પામ્યા વિના જ જનમોજનમ આસુરી યોનિને પામે છે, પછી એનાથીય ઘણી નીચ ગતિને પામે છે એટલે કે ઘોર નરકોમાં પડે છે.

આસુરી યોનિમાં પડવાવાળા લોકો ઈશ્વરનો દ્વેષ કરીને તેમને પ્રાપ્ત ન કરીને, જન્મો જનમ માટે આસુરી યોનિને પ્રાપ્ત કરે છે, અને ધીમેધીમે અધમતા પ્રાપ્ત કરે છે.
મનુષ્યે આ જોવું મહત્વપૂર્ણ છે કે શું તે સ્વયં પ્રગતિ કરી રહ્યો છે? કે અધોગતિની તરફ જઈ રહ્યો છે? શું મનુષ્ય સ્વયંનો ઉદ્ધાર કરી રહ્યો છે? કે આસુરી વૃત્તિમાં જીવન જીવી રહ્યો છે? શું મનુષ્ય કામ અને ક્રોધના આશ્રય માં જ જીવી રહ્યો છે? શું મનુષ્યનો ક્રોધ છૂટી શકે છે?
**જ્યારે કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત થશે ત્યારે ક્રોધ જતો રહેશે. કામના સારી હોવી જોઈએ, પરંતુ સ્વાર્થ પ્રેરિત કામના પર મનુષ્ય વિજય પ્રાપ્ત કરશે તો તે ક્રોધથી મુક્ત થઈ શકશે.**

કામનાઓ મોટી હોવી જોઇએ, વિસ્તૃત હોવી જોઇએ, સંકુચિત ન હોવી જોઇએ. કામનાઓ સમાપ્ત કરવી છે તો તેના

માટેનો વિસ્તાર હોવો જોઈએ. પોતાના સુધી જ સીમિત નહીં પરંતુ વિશ્વના કલ્યાણ માટેની કામનાઓ હોય તો તે સારી કામના છે.

કામના જ્યારે વિશાળ થઈ જાય છે તો તે ધ્યેય કહેવાય છે. ધ્યેય અને કામના વચ્ચેના અંતરને સમજવું અત્યંત આવશ્યક છે. સ્વાર્થ પ્રેરિત કામનાઓનો ત્યાગ જો મનુષ્ય નહીં કરે તો તે ક્યારેય પણ આસુરીયોનિથી ઉપર ઉઠી શકશે નહિ.

**16.21**

**ત્રિવિધં(ન્) નરકસ્યેદં(ન્), દ્વારં(ન્) નાશનમાત્મનઃ।**
**કામઃ(ખ્) ક્રોધસ્તથા લોભઃ(સ્), તસ્માદેતત્ત્રયં(ન્) ત્યજેત્॥૧૬.૨૧॥**

કામ, ક્રોધ તથા લોભ - આ ત્રણ જાતનાં નરકનાં દ્વાર આત્માનો નાશ કરનારાં એટલે કે એને અધોગતિએ લઈ જનારાં છે, માટે આ ત્રણેયને ત્યજી દેવાં જોઈએ.

ભગવાને નરકમાં જવાના ત્રણ રસ્તા બતાવ્યા છે. કામ, ક્રોધ અને લોભ. આ ત્રણ પ્રકારના દ્વારથી જીવાત્મા નર્કમાં જાય છે. કામનાઓ મનુષ્યના શારીરિક અને ઇન્દ્રિયોના સ્તરે હોય છે. અને જયારે તે પૂર્ણ ન થાય તો ક્રોધ આવે છે. પરંતુ લોભ માનસિક સ્તર પર થાય છે.
**કામનો અર્થ અમર્યાદિત વિષયોને ભોગવવાની ઈચ્છા છે. ક્રોધ એ ચિત્તની ઉગ્રતા છે. જેમ જેમ મનુષ્યની કામનાઓ વધતી જાય છે, તેમ તેમ તેનું ચિત્ત ઉગ્ર સ્વરૂપ થતું જાય છે. આમ ત્રણ દ્વાર થી મનુષ્યે દૂર રહેવું જોઈએ. મનુષ્યે વિનાશ કરવા વાળા આ ત્રણ અવગુણોનો ત્યાગ કરવો જોઈએ.**

**16.22**

**એતૈર્વિમુક્તઃ(ખ્) કૌન્તેય, તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ।**
**આચરત્યાત્મનઃ(શ્) શ્રેયઃ(સ્), તતો યાતિ પરાં(ઙ્) ગતિમ્॥૧૬.૨૨॥**

હે કુન્તીપુત્ર! આ ત્રણેય નરકનાં દ્વારોથી છૂટેલો માણસ પોતાનું કલ્યાણ આચરે છે, માટે આ પરમ ગતિને એટલે કે મને પામી જાય છે.

આ ત્રણ દરવાજાથી જે મનુષ્ય મુક્ત થઈ જાય છે, તે સ્વયંના કલ્યાણનું આચરણ કરે છે, અને તે પરમ્ ગતિને પ્રાપ્ત કરે છે. અન્યથા નરકમાં ડૂબી જાય છે.

**16.23**

**યઃ(શ્) શાસ્ત્રવિધિમુત્સૃજ્ય, વર્તતે કામકારતઃ।**
**ન સ સિદ્ધિમવાપ્નોતિ, ન સુખં(ન્) ન પરાં(ઙ્) ગતિમ્॥૧૬.૨૩॥**

જે માણસ શાસ્ત્રવિધિને છોડીને પોતાની ઈચ્છા પ્રમાણે મનમાન્યું આચરણ કરે છે, એ ન તો સિદ્ધિને પામે છે, ન પરમ ગતિને કે ન સુખને.

**જેવી રીતે કોઈ દેશનું બંધારણ હોય છે, તે મુજબ તે દેશનું કાર્ય ચાલે છે. તેવી જ રીતે આપણા વેદ એ બ્રહ્માંડનું બંધારણ છે**.

જે વ્યક્તિ શાસ્ત્રવિધિને છોડીને આચરણ કરે છે, વેદ શાસ્ત્રોનું આચરણ કરતા નથી, અને પોતાની કામનાપૂર્તિ માટે મનસ્વી રીતે આચરણ કરે છે, તેને સફળતા મળતી નથી. તેને સંસારમાં પણ સુખ પ્રાપ્ત થતું નથી, અને તે પરમ ગતિને પણ પ્રાપ્ત થઈ શકતો નથી.

**16.24**

**तस्माच्छास्त्रं(म्) प्रमाणं(न्) ते, कार्याकार्यव्यवस्थितौ।**
**ज्ञात्वा शास्त्रविधानोक्तं(ङ्), कर्म कर्तुमिहार्हसि॥१६.२४॥**

આથી તારા માટે આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, એમ જાણીને તારા માટે શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું કર્મ જ કરવા યોગ્ય છે.

દૈવી સંપત્તિ શું છે? આસુરી સંપત્તિ શું છે? ભગવાને આ બધી વાતો જણાવી. આસુરી સંપત્તિનો ત્યાગ કેવી રીતે કરવો? અને દૈવી સંપત્તિને ગ્રહણ કેવી રીતે કરવી? આ કરવા માટે શું કરવું પડશે?
ભગવાન અંતિમ શ્લોકમાં આ બધા પ્રશ્નોના જવાબો સમજાવે છે. ભગવાન કહે છે - શાસ્ત્રોને પુરાવા તરીકે સ્વીકારવા જોઈએ. શાસ્ત્રોમાં જેમ કહ્યું હોય તે રીતે કરવું જોઈએ.

જ્ઞાનેશ્વર મહારાજ કહે છે

**शास्त्र म्हणे ते टाकावे |**

**ते राज्य ही तृणवत मानावे |**

**न म्हणे तरी घ्यावे विष हि |**

તેઓ કહે છે, શાસ્ત્રોએ રાજ્ય છોડવાનું કહ્યું છે તો રાજ્ય પણ છોડવું જોઈએ. શાસ્ત્રે કહ્યું કે ઝેર તમારા માટે ઠીક છે તો તમારે તે પણ લેવું જોઈએ.

શું કરવા યોગ્ય છે? અર્થાત શું કર્તવ્ય છે અને શું કરવા યોગ્ય નથી? તેના માટે શાસ્ત્રોને જ પુરાવા તરીકે સ્વીકારવા જોઈએ. એટલા માટે મનુષ્યે શાસ્ત્રોના નિયમો જાણીને કર્મ કરવા જોઈએ. હવે અર્જુનના મનમાં પ્રશ્ન થાય છે કે શાસ્ત્રો પર શ્રદ્ધા તો છે, પણ શાસ્ત્રોને જાણવાની યોગ્યતા નથી, અને સમય પણ નથી, તો શું માત્ર શ્રદ્ધાથી કોઈ કાર્ય કરવામાં આવે તો તેને શું કહેવાય? તે કાર્ય કહેવાય કે તેને અકાર્ય કહેવાય?

આ પ્રશ્ન અર્જુન સત્તર માં અધ્યાયમાં પૂછે છે જેનું વિવેચન આપણે આગળ જોઈશું. જે દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ વિશે કહે છે, તેણે શું ગ્રહણ કરવું જોઈએ, અને કોનો ત્યાગ કરવો જોઈએ? આ હોળીમાં કયા દુર્ગુણોને સળગાવવા પડશે? આ બધી વાતો દ્વારા આ અધ્યાય અહીં સમાપ્ત થાય છે. આ વિવેચન ના સમાપન પશ્ચાત પ્રશ્નોત્તરી સત્રનો આરંભ થયો.

**પ્રશ્નોત્તરી**

**પ્રશ્નકર્તા:** ઉર્મિલાજી
**સવાલ:** 16 માં શ્લોકની પહેલી લાઈન નો અર્થ સમજાવો?
**જવાબ:** આસુરી વૃત્તિને કારણે મનમાં અનેક પ્રકારના ભ્રમ ઉત્પન્ન થાય છે. તેઓ અજ્ઞાનતાના જાળમાં ફસાયેલા રહે છે, તેથી તેઓને લાગે છે કે તેઓ જે કરી રહ્યા છે તે યોગ્ય છે.

**પ્રશ્નકર્તા:** રેણુજી
**સવાલ:** 21 માં શ્લોકમાં કહેવાયું છે કે નરક તરફ લઈ જતા ત્રણ દરવાજા આત્માનો નાશ કરે છે, પરંતુ આત્મા અવિનાશી છે. તે વિશે સમજાવશો?
**જવાબ:** આત્માનો ક્યારેય નાશ થઈ શકતો નથી, આ વાત સાચી છે, પરંતુ આ શબ્દ આત્મા અલગ અલગ જગ્યાએ અલગ અલગ અર્થ સાથે આવે છે.
**आत्मना: નાશ એટલે સ્વનો વિનાશ.** આત્મ શબ્દ સ્વ ને લાગુ પડે છે. એવું કહેવામાં આવ્યું છે કે સ્વ સ્વનો મિત્ર છે અને સ્વ સ્વનો દુશ્મન છે. આત્મા શબ્દ વ્યક્તિત્વના રૂપમાં આવ્યો છે.

**પ્રશ્નકર્તા:** અભિષેકભાઈ
**સવાલ:** એવું કહેવાય છે કે કામના એ નરકનો દરવાજો છે પણ આપણે જે પણ કામ કરીએ તેમાં કામના હોય છે?
**જવાબ:** જે કામ કર્તવ્યની વિરુદ્ધ નથી, તે ભગવાનનું સ્વરૂપ છે. તે એક શુભકામના છે, અને તે મનુષ્યનો ઉત્કર્ષ કરે છે.

**ૐ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.**

## ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં(યૂઁ) યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે દૈવાસુરસમ્પદ્વિભાગયોગો નામ ષોડશોઽધ્યાયઃ॥૧૬॥

આ રીતે ૐ, તત્, સત્-એ ભગવાનના નામોના ઉચ્ચારણ સાથે બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રમય શ્રીમદ્ભગવદ્ગીતોપનિષદરૂપી શ્રીકૃષ્ણાર્જુનસંવાદમાં "દૈવાસુરસમ્પદ્વિભાગયોગ" નામનો સોળમો અધ્યાય પૂરો થયો. ॥૧૬॥

---



અમે માનીએ છીએ કે તમને ચર્ચાની રચના વાંચીને આનંદ થશે. કૃપા કરીને નીચેની લિંકનો ઉપયોગ કરીને અમને તમારો પ્રતિસાદ આપશો.

**https://vivechan.learngeeta.com/feedback/**

**વિવેચન-સારાંશ વાંચવા માટે આભાર.**
અમે સર્વે ગીતા સેવકો, અનન્ય ભાવ સાથે પ્રયાસ કરીએ છીએ જેથી વિવેચનનો સાર તમારા સુધી શુદ્ધ સ્વરૂપે પહોંચે, છતાં પણ ભાષા કે વ્યાકરણ સંબંધી કોઇ ભૂલ હોય તો તે માટે અમે ક્ષમાપ્રાર્થી છીએ.

---

**જય શ્રી કૃષ્ણ!**
સંકલન: ગીતા પરિવાર - રચનાત્મક લેખન વિભાગ

---

**દરેક ઘરમાં ગીતા દરેક કરમાં ગીતા!**

**https://gift.learngeeta.com/**

---

ગીતા પરિવારની આ એક નવી પહેલ છે. હવે તમે વિવેચનોના યુટ્યુબ વિડીયો તેમજ પીડીએફ જોઇ તથા વાંચી શકો છો. કૃપા કરીને નીચે આપેલ લિંકનો ઉપયોગ કરો.

**https://vivechan.learngeeta.com/**

---

**॥ગીતા શીખો, શીખવો, જીવનમાં ઉતારો॥**
**||ૐ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ||**